# સામાજિક સલામતી સંહિતા, 2020ની જોગવાઈઓ : અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોના વિશેષ સંદર્ભમાં

ઉર્મિશ વિશ્વનાથભાઈ ભટ્ટ
પીએચ.ડી. સ્કોલર,
કાયદા ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**સારાંશ:**
*"શ્રમ" વિષય તરીકે ભારતના બંધારણની સમવર્તી સૂચિમાં છે, અને આ સંહિતા હેઠળ નિયમો બનાવવાની સત્તા કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારોને સોંપવામાં આવી છે. અને આ અધિનિયમ સમગ્ર દેશમાં લાગુ પડશે, આ અધિનિયમના અમલની તારીખ સતાવાર ગેઝેટમાં કરવામાં આવશે. જે નવ એક જુટ થયેલ કાયદાઓમાં (1) શ્રમિક વળતર ધારો, 1923 (2) શ્રમિક રાજ્ય વીમા ધારો, 1948 (3) ધી એમ્પલોયીસ પ્રોવિડન્ટ ફંડ એન્ડ મિસ્કેલેનીઅસ પ્રોવિઝન એક્ટ, 1952 (4) ધી એમ્પલોયમેન્ટ એક્ષેન્ચીઝ (કમ્પલ્સરી નોટીફિકેશન) ઓફ વર્કેન્સીસ એક્ટ, 1959 (5) પ્રસૂતિ લાભ કાયદો, 1961 (6) ધી પેમેન્ટ ઓફ ગ્રેચ્યુઈટી એક્ટ, 1972 (7) ધી સીને વર્કર્સ વેલ્ફેર ફંડ એક્ટ, 1981 (8) ધી બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ વેલ્ફેર સેસ એક્ટ, 1996 (9) અસંગઠિત શ્રમિકો માટે સામાજિક સલામતી કાયદો, 2008નો સમાવેશ થયેલ છે. આ સામાજિક સલામતી બીલમાં દરેક ક્ષેત્રનાં કર્મચારીને આવરી લેવાયેલ છે, જેમાં સંગઠિત ક્ષેત્રનાં શ્રમિક હોય કે અસંગઠિત ક્ષેત્રનાં કે અન્ય ક્ષેત્રનાં શ્રમિક હોય દરેક શ્રમિક નો સમાવેશ આ અધિનિયમમાં કરવામાં આવેલ છે. એસએસ કોડ, 2020, અસંગઠિત ક્ષેત્રો તેમજ તમામ શ્રમિકો માટે સામાજિક સલામતી લાભો પ્રદાન કરે છે. FTE (Fixed Term Employment) હેઠળ એક વર્ષ માટે કરાર ધરાવતો શ્રમિક પણ ગ્રેચ્યુઈટી માટે પાત્ર હશે. ગીગ અને પ્લેટફોર્મ શ્રમિકો માટે આ કોડમાં પરિકલ્પના કરાયેલી કેટલીક નવી જોગવાઈઓ છે: સ્ત્રીઓ તમામ પ્રકારના કામોને આવરી લેતી તમામ સંસ્થાઓમાં રોજગાર માટે સશક્ત કરવામાં આવ્યા છે. સ્ત્રીઓ હવે તેઓ સલામતીની જોગવાઈઓ સાથે, તેમની સંમતિને આધીન, રાત્રે કામ કરવા માટે હકદાર હશે.*

**મુખ્ય શબ્દો :** *અસંગઠિત ક્ષેત્ર, શ્રમિકો, સામાજિક સલામતી, જોગવાઈઓ, બીલ, એમ્પલોયીઝ પ્રોવિડન્ટ ફંડ, એમ્પલોયીઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ, ભંડોળ, શ્રમ, ભારતીય બંધારણ, સમવર્તી સૂચી.*

## ૧. પ્રસ્તાવના

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીનાં વડપણ હેઠળની સરકારનાં માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી સંતોષકુમાર ગંગવાર દ્વારા કુલ નવ કાયદાઓનું એક સંહિતામાં સમાવેશ કરવામાં આવેલ છે, જેનું નામ Code on Social Security, 2020 છે. આ અધિનિયમ 22 સપ્ટેમ્બર, 2020ના રોજ લોકસભામાં અને 23 સપ્ટેમ્બર,

2020ના રોજ રાજ્યસભામાં આ બીલ પાસ થયેલ છે, અને 28 સપ્ટેમ્બર, 2020ના રોજ રાષ્ટ્રપતીશ્રી દ્વારા આ બીલને અનુમતી અપાયેલ છે, આ અધિનિયમ 2020ના વર્ષના 36 નંબરના ક્રમે પાસ થયેલ છે.

આ સંહિતાની કલમ 2(86) એ "અસંગઠિત શ્રમિક"ને વ્યાખ્યાયિત કરે છે જેમાં ઘરે કામ કરતા શ્રમિક, સ્વ-રોજગાર શ્રમિક અથવા અસંગઠિત ક્ષેત્રમાં વેતન શ્રમિકનો સમાવેશ થાય છે. અને એવા શ્રમિકનો સમાવેશ થાય છે જે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, 1947 દ્વારા આવરી લેવામાં આવતા નથી. સામાજિક સુરક્ષાનો અર્થ એ છે કે કર્મચારીઓને પૂરા પાડવામાં આવતા રક્ષણના પગલાં, જેમાં અસંગઠિત શ્રમિકો, ગીગ શ્રમિકો અને પ્લેટફોર્મ શ્રમિકોનો સમાવેશ થાય છે જેથી આરોગ્ય સંભાળની સુલભતા સુનિશ્ચિત કરી શકાય અને આવકની સલામતી પૂરી પાડવામાં આવે, ખાસ કરીને વૃદ્ધાવસ્થા, બેરોજગારી, માંદગી, અમાન્યતા, કામની ઈજા, પ્રસૂતિના કિસ્સામાં.

સામાજિક સલામતી પરની સંહિતા, 2020નો ઉદ્દેશ્ય સંગઠિત અથવા અસંગઠિત ક્ષેત્રને ધ્યાનમાં લીધા વિના તમામ કર્મચારીઓ અને શ્રમિકોને સામાજિક સલામતી લાભો આપવાના વ્યાપક ધ્યેય સાથે સામાજિક સલામતી સંબંધિત હાલના શ્રમ કાયદામાં સુધારો અને એકીકૃત કરવાનો છે. સામાજિક સલામતી પરની સંહિતા, 2020 પોતાની અંદર સ્વ-રોજગાર ધરાવતા શ્રમિકો, ઘરના શ્રમિકો, વેતન શ્રમિકો, સ્થળાંતર શ્રમિકો, અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો, ગીગ શ્રમિકો અને પ્લેટફોર્મ શ્રમિકોને જીવન વીમા, વિકલાંગતા વીમો, આરોગ્ય અને પ્રસૂતિ લાભો, ભવિષ્ય નિધિ સહિતની સામાજિક સલામતી યોજનાઓના હેતુ માટે લાવવામાં આવેલ છે.

એમ્પલોયીઝ પ્રોવિડન્ટ ફંડ અને એમ્પલોયીઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશનનો લાભ દરેક કર્મચારીને પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા પૂરી પાડવામાં આવેલ છે. કેન્દ્ર સરકારશ્રી ભવિષ્યમાં અસંગઠિત ક્ષેત્રનાં શ્રમિકો, પ્લેટફોર્મ શ્રમિકો, કોન્ટ્રાક્ટ શ્રમિકો અને તેમના પરીવારોના સભ્યો માટે શ્રમિક રાજ્ય વિમા નિગમની યોજનાઓ રજૂ કરી શકશે.

સામાજિક સલામતી ફંડ નામે અલગથી એકાઉન્ટસ ઉભુ કરવામાં આવે કે જેમાં અસંગઠિત કામાદારો, પ્લેટફોર્મ શ્રમિકો, ગિગ શ્રમિકોનો સમાવેશ થતો હોય. શ્રમિક વીમા યોજના માટે નાણાંની જોગવાઇ રોજગારદાતાઓના અને શ્રમિકો ના ફાળાઓમાંથી કરવામાં આવે છે. રોજગારદાતાઓના ફાળાનો દર શ્રમિકોને ચૂકવવા પાત્ર વેતનના 3.25% છે. શ્રમિકોના ફાળનો દર તેમને ચૂકવવા પાત્ર વેતનના 0.75% છે. જે શ્રમિકોનું દૈનિક વેતન રૂ.176થી ઓછું હોય તે શ્રમિકોને તેમના ફાળાનો હિસ્સો ચૂકવવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

ESICની અટલ વીમિત વ્યક્તિ કલ્યાણ યોજના (ABVKY), ESI કાયદો, 1948ની ધારા 2(9) અંતર્ગત આવરી લેવામાં આવતા કર્મચારીઓ માટે એક કલ્યાણકારી પગલું છે. તારીખ 01/07/2018 થી શરૂઆતનાં બે વર્ષ માટે શરૂ થયેલ, જેની અવધી 1 જુલાઇ, 2020 થી 30 જૂન, 2021 એમ 1 સાલ વધારાયેલ હતી. જેથી આ સમયગાળાનો લાભ લોકડાઉનમાં જે શ્રમિકોનું કામ છૂટી ગયેલ તેને લાભ મળી શક્યો. આ યોજના શ્રમિક કલ્યાણ યોજના છે. જેનો લાભ કોરોનાકાળમાં શ્રમિકોને મળે તે માટે અગાઉ મહેનતાણાના 25% રકમ હતી, જ્યારે ત્યારે સરકારશ્રી દ્વારા મહેનતાણાના 50% રકમ કરેલ હતી અને આ યોજનાનો લાભ લોકડાઉનને કારણે જે પરિસ્થિતિ સર્જાયેલ જેમાં શ્રમિકોનો રોજગાર જતા રહેતા તેમાં બહુ મોટી રાહત આપતી આ યોજના છે. જેનો લાભ દરેક ઉદ્યોગમાં નોંધાયેલ

શ્રમિક ને પ્રાપ્ત થાય છે. ESIC બ્રાંચ ઓફિસમાં શ્રમિક ત્રીસ દિવસમાં બેરોજગાર થયાનો ક્લેઈમ કરી શકે છે જે 24 માર્ચ 2020 થી 31 ડિસેમ્બર, 2020 સુધી માન્ય રહેતો હતો. આ યોજના મુજબ જીવનમાં એકવાર શ્રમિકને ત્રણ માસનું એટલે કે 90 દિવસ સુધી મહેનતાણું રાહતના રૂપમાં ચૂકવી આપવામાં આવે છે. આવા તો અનેક શ્રમિકોના હિતમાં કેન્દ્ર સરકારશ્રી દ્વારા પગલા લેવામાં આવેલ છે.

શ્રમિકોને મહતમ ફાયદા અને લઘુતમ નિયંત્રણ લાવવા માટે આ અધિનિયમ લાવવામાં આવેલ છે. જેમાં ગ્રેચ્યુઈટી માટે પાંચ વર્ષની નોકરી જરૂરી હતી જે ઘટાડી ત્રણ વર્ષ જર્નાલીસ્ટો માટે કરાયેલ એટલે કે હવે પત્રકારે ગ્રેચ્યુઈટી માટે ત્રણ વર્ષની નોકરી કરેલ હોય તેને ફાયદો મળશે. જેના માટે વાર્ષિક 15 દિવસનો પગાર ગ્રેચ્યુઈટી તરીકે અપાય છે તે રાબેતા મુજબ ચાલું રખાયેલ છે. અમુક મોસમ માટે ચાલતા ધંધાઓમાં દરેક મોસમ દીઠ સાત દિવસના પગાર પ્રમાણે ગણતરી કરવામાં આવશે. છૂટક કામ (કામ પ્રમાણે) પગાર મેળવતા શ્રમિકોના કિસ્સામાં તેમની નોકરીનો અંત આવ્યાના તુરંત અગાઉના ત્રણ માસના સરેરાશ પગાર મુજબ રોજના પગારની ગણતરી થશે.

શ્રમિકોના સર્વાંગી હિતને ધ્યાનમાં રાખી અને આ સંહિતાની રચના થયેલ છે. સોશ્યલ સિક્યુરિટી એક્ટ – 2008નો સમાવેશ આ કોડમાં થયેલ છે. જેમાં PM-SYM યોજનાનો સમાવેશ થઈ જાય છે.

હાલ સરકારશ્રી દ્વારા પ્રાઈવેટ જોબ માટે પ્રોત્સાહન પુરું પાડવા કાયદામાં અમુક ફેરફારો કરાયેલ છે જેનો હેતુ મુખ્યત્વે લોકોને રોજગારી પ્રાપ્ત કરાવવા માટેનો હોય, થોડા લોકોનાં હિતને ધ્યાને ન લેતાં સમગ્ર દેશનાં શ્રમિકો ને ધ્યાનમાં રાખી આ સામાજિક  સલામતી બીલ લાવવામાં આવેલ છે.

વેલ્ફેર અને સામાજિક  સલામતી બાબતે આ કોડમાં જણાવવામાં આવેલ છે. વેલ્ફેર માટે શ્રમિક કે શ્રમિક જ્યાં કામ કરતા હોય તેવા કામના સ્થળ પર પીવાના પાણીની સગવડ, ટોયલેટ, સ્ત્રી શ્રમિક હોય તો ઘોડીયાઘરની સુવિધા વગેરે પૂરી પાડવી. જ્યારે સામાજિક  સલામતી તે શ્રમિક  બીમાર પડે, વૃધ્ધ થાય, નોકરી છૂટી જાય ત્યારે જે સગવડ પૂરી પડાય છે તેનો સમાવેશ સામાજિક  સુરક્ષામાં થાય છે. બાંધકામ ક્ષેત્રનાં શ્રમિકો માટે ગુજરાત સરકારશ્રી દ્વારા રૂ. 52 કરોડ જેવી માતબર રકમ Construction Workers Welfare માટે ફાળવેલ છે. પ્રોવિડન્ટ ફંડ અને ESI માટેનો શ્રમિકો નો ફાળો જો માલીક જમા નથી કરાવતા તો રૂ. 100000/-નો દંડ અને 1 થી 3 વર્ષની સજાની જોગવાઈ આ કોડમાં કરાયેલ છે.

સરકારશ્રીની નોકરી આપવા બાબતે અમુક મર્યાદાઓ હોય છે. આપણો દેશ સમગ્ર વિશ્વમાં વસ્તીની દ્રષ્ટીએ બીજો નંબર છે. અને દર વર્ષે અંદાજે 8 કરોડ લોકો ઉમેરાતા હોય ત્યારે બધાને સરકારી નોકરી આપવી શક્ય જ નથી. માટે અમુક સુધારા કરવા ખૂબ જ જરૂરી હોય જેમાં પહેલા 100 કર્મચારી હોય તે ઉદ્યોગ, ધંધા વાળાને કારખાનું/ઉદ્યોગ બંધ કરવા માટે પરવાનગી લેવી પડતી જ્યારે આ સંહિતામાં તે સંખ્યા 300 કે તેથી વધારે હોય તો સરકારશ્રીની પરવાનગી લેવી ફરજીયાત છે. આમ, આવા સુધારાથી નવા સાહસીકોને ઉદ્યોગ-ધંધા કરવા પ્રોત્સાહન મળે અને રોજગારી વધે તે તરફનું એક આગવું, દૂરંદર્શી પગલું લેવાયેલ છે. દરેક ઉદ્યોગ-ધંધામાં છટણીની જોગવાઈનું પાલન કરવાનું છે, તેમાં પણ કર્મચારીની સંખ્યા 300 કે તેથી ઉપરની હોય તેને આ નિયમ લાગુ પડે છે. સ્ટેન્ડિંગ ઓર્ડર પણ 300થી વધારે કર્મચારી માટે ફરજીયાત નોંધાવવાની જરૂરીયાત છે.

સામાજિક સુરક્ષાની જરૂરીયાત દરેક દેશમાં હોય છે કારણકે, દરેક દેશમાં ગરીબ અને વંચીત લોકો વસતા હોય છે. આવા લોકો ગરીબી, સામાજિક અને આર્થીકને કારણે અનેક અસગવડતાઓ ભોગવતા હોય છે જેમ કે વૃધ્ધાવસ્થામાં પોતે કામ કરવા અશક્તીમાન હોય ત્યારે તેમને પૈસાની અછત હોય છે, બિમારીમાં તેઓની પાસે બચતનો અભાવ હોય માટે આરોગ્યની ચિંતા આમ, અનેક જાતની અગવડતાનો ભોગ આવા લોકો બનતા હોય છે. ભારત જેવાં દેશમાં અંદાજે 92% લોકો અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા હોય ત્યારે વસ્તીનો મોટો ભાગ અછતગ્રસ્ત હોય ત્યારે જો દેશને વિકાસ કરવો હોય તો આવા લોકો તરફ ધ્યાન આપવું આવશ્યક છે અને તો જ ભારત વિકસીત દેશની યાદીમાં સ્થાન પામી શકે. અલગ-અલગ કાયદાને એક કોડમાં સંગ્રહિત કરી સરળીકરણ કરેલ છે તેથી વધુમાં વધુ રોજગારી પ્રાપ્ત કરાવવાના આ પ્રયાસમાં આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા અપાયેલ " સૌનો સાથ સૌનો વિકાસ " મંત્ર સિદ્ધ થશે.

## ૨. ઉદ્દેશ્ય

આ અભ્યાસનો ઉદ્દેશ્ય સામાજિક સલામતી સંહિતા, 2020માં અસંગઠિત શ્રમિકો માટેની જોગવાઈઓ બાબતે જાણવાનો છે. આ જાણકારીને આધારે, સંશોધક એવાં પગલાં પણ સૂચવે છે જેનાથી અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોની સામાજિક સલામતીનો પ્રશ્ન ઉકેલવામાં મદદરૂપ થઇ શકે.

## ૩. સંશોધન પદ્ધતિ

વર્તમાન અભ્યાસ માત્ર ગૌણ માહિતી પર આધારિત છે જે શ્રમ અને રોજગાર મંત્રાલયની વેબસાઈટ અને સમાચારપત્રોનાં લેખો પર ઉપલબ્ધ છે.

## ૪. સામાજિક સલામતી વિષયનો ઈતિહાસ

મનુસ્મૃતિ અને અર્થશાસ્ત્રના અભ્યાસથી જાણવા મળે કે આપણા પૂર્વજો સામાજિક સલામતી બાબતે કેટલા જાગૃત હતા. કૌટિલ્યએ કહેલ કે **"રાજ્ય દ્વારા ગરીબો, સગર્ભા સ્ત્રીઓ અને તેમના નવા જન્મેલા સંતાન, અનાથ, વૃદ્ધ, અશક્ત, પીડિત અને અસહાયનું પાલન-પોષણ કરવું જોઈએ"** [1]

હાલ, શહેરીકરણને કારણે ગામડાઓ ભાંગતા જાય છે અને દરેક વ્યક્તિને શહેરમાં રોજીરોટી કમાવા આવવું છે જેથી પહેલાં ભારતીય સંયુક્ત કુટુંબ પરંપરા હતી તે તૂટતી જાય છે જેના ઉપાય તરીકે હિન્દુ અવિભાજ્ય કુટુંબ (HUF) નો ખ્યાલ આયકર વિભાગ દ્વારા લાવવામાં આવેલ પરંતુ તેની અસરકારકતા નહિવત્ જોવા મળે છે. આમ, શહેરીકરણને કારણે પહેલાં જે સંયુક્ત પરીવારમાં લોકો રહેતા તેમાં વૃદ્ધો માટે નિભાવ ખર્ચ યુવાન પુત્રો, પૌત્રો, પુત્રિ, દિકરાની વહુઓ વગેરે ઉઠાવી લેતા જ્યારે હાલનાં સમયમાં કોઈને સાથે રહેવું નથી તેથી સામાજિક સુરક્ષાનો પ્રશ્ન ઉદ્ભવેલ છે. આવકનું પ્રમાણ વ્યક્તિગત થતું જાય છે જે પહેલાં સંયુક્ત હોય તેથી સામાજિક સુરક્ષાનો પ્રશ્ન નહિવત્ હતો. ગામડામાં કુટુંબ ભાવનાને લીધે સામાજિક સુરક્ષાનો પ્રશ્ન નહિવત હતો. ઔદ્યોગીકરણ, શહેરીકરણ, સ્થળાંતરણને કારણે સંયુક્ત કુટુંબ પ્રથા તૂટતી જાય છે.

---

[1]. Vishnu Murthy Koormachalam, "Law and Social Security in india (Organised and Unorganised labour, First, Aarati & Co. Mumbai, 2015, P. 80)

"માણસને પાંગળો અને નાનો બનાવી દે એવી ગરીબી મટે, જીવિકા માટે જીવનને બંધનમાં ના રાખવું પડે, રોટલી માણસને ના ખાય." [2] – શ્રી દત્તોપંત ઠેંગડીજી

લેબર કમીશનનો પ્રથમ અહેવાલ 1969માં અને બીજો અહેવાલ 2002માં આવેલ. જેની ભલામણોથી અસંગઠિત ક્ષેત્રનાં શ્રમિકો માટે સામાજિક સલામતી કાયદો, 2008 માં જોગવાઇ કરવામાં આવેલ છે. જેથી ગરીબી, ભૂખમરો, રોગ, અજ્ઞાનતા, ઘરવિહોણાપણા પર કામ થઈ શકે જેનો લાભ સ્ત્રીઓ, પુરૂષો અને ઘરડા લોકોને પ્રાપ્ત થાય.

## ૫. ભારતીય બંધારણમાં સામાજિક સલામતી

ભારતના બંધારણીય ભાગ-IV અનુચ્છેદ - ૩૬ થી ૫૧મા 'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો'ના પ્રકરણમાં પણ શ્રમિકોના કલ્યાણ, સલામતી, આરોગ્ય, સામાજિક અને આર્થિક ન્યાયના હેતુથી જોગવાઇઓ કરેલ છે. સરકારે તેની વહીવટી કામગીરી દરમ્યાન તેમજ સંસદ અને રાજ્યોનાં ધારાગૃહોએ કાયદાઓ ઘડતી વખતે તેમજ ન્યાયતંત્રએ કાયદાઓના અર્થઘટન કરતી વખતે આ માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાનમાં રાખવાના હોય છે. શ્રમિકોના હિતોના રક્ષણ તે બંધારણનો આદેશ છે.

રાજ્યના રાજનીતીના માર્ગદર્શક સિદ્ધાંતો અને મૂળભૂત અધિકારોમાં સામાજિક ન્યાયનો સમાવેશ થયેલ છે. આર્ટીકલ 37, 39, 41, 42, અને 43નો સમાજવાદી સિદ્ધાંતોમાં સમાવેશ થાય છે. ગાંધીજીના સિદ્ધાંતોનો સમાવેશ આર્ટીકલ 40, 43, 46, અને 48 માં થાય છે. ઉદાર અને બૌદ્ધિક સિદ્ધાંતોનો સમાવેશ આર્ટીકલ 44, 45, 50 અને 51મા સમાવેશ કરાયેલ છે. આમુખમાં દર્શાવાયેલ સામાજિક – આર્થિક ન્યાય બાબતની ચોક્કસ જોગવાઇનો સમાવેશ બંધારણના ભાગ III અને ભાગ IV અપાયેલ છે જે સીધી રીતે કે આડકતરી રીતે સામાજિક સુરક્ષાના પગલાને સંલગ્ન છે તેવું માન. ન્યાયમૂર્તી શ્રી હેગડે સાહેબે ચંદ્રભવાન કેસમાં અવલોકન કર્યુ. [3]

## ૬. શ્રમિક વળતર ધારો, 1923

શ્રમિક વળતર ધારો, 1923 ખૂબજ જૂનો કાયદો છે. જો કોઇ કર્મચારી કામના સમય દરમ્યાન ઈજાગ્રસ્ત થાય અને તેના શરીરમાં કાયમી ખામી રહે તો તેને વળતર મળે છે અને જો તેનું મૃત્યુ થાય તો તેના વારસદાર જેવા કે માતાપિતા, પુત્ર, વિધવાને વળતર ચુકવવામાં આવે છે. આશ્રિતની વ્યાખ્યા કલમ 2(d)માં અપાયેલ છે. માલિકની જવાબદારી કલમ 3 માં અપાયેલ છે. માન. મજૂર અદાલત આવા કેસો ચલાવે છે પરંતુ થોડા રાજ્યોમાં માન. લેબર કમિશ્નરશ્રી કે સિવિલ જજ (સિનિયર ડિવિઝન)ને પણ સત્તા છે કે તેઓશ્રી આવા કેસીસ ચલાવી શકે છે. ટ્રિબ્યુનલ સમક્ષ કેસ ચલાવવા માટે પુરાવાનો કાયદો આમાં લાગું પડતો નથી અને લખાણ બાબતે નરમ વલણ હોય છે.[4]

## ૭. શ્રમિક રાજ્ય વિમા ધારો, 1948

શ્રમિક રાજ્ય વિમા ધારો, 1948 અંતર્ગત આવતા કારખાનાના કર્મચારીને જો ઈજા પહોંચે તો જેને "Employment injury" તરીકે ઓળખવમાં આવે છે તેનો ભોગ બનેલ કે મૃત્યુના કિસ્સામાં કર્મચારીના વારસદારને વળતર આ કાયદા

---

[2]. અમરનાથ ડોગરા. "દત્તોપંત ઠેંગડી સંક્ષિપ્ત પરિચય", અનુવાદક : ભારતીય મજદૂર સંઘ, વડોદરા, પૃ. 1

[3]. (1970) 2SCR 600 (70) A Sc. 2042

[4] . Dr. K. P. Joshipura 'Current Constitutional Dimensions', Published by Dr. Kamalesh P. Joshipura, Rajkot, March, 2004, Page No. 288.

અન્વયે આપવામાં આવે છે. વળતરની રકમ રોકડમાં તો 30% થી 40% સુધી જ અપાય છે જે મુળજીભાઇનાં કેસમાં માન. ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદા મુજબ બાકીની રકમ મુદતી થાપણ તરીકે જમા થશે જેથી વળતરની રકમ ગરીબ, અભણ શ્રમિકની છીનવાય ન જાય. [5] 10થી ઓછા કર્મચારીઓ ધરાવતી સંસ્થાઓ માટે સ્વૈચ્છિક ધોરણે ESIC કવરેજ માટે રજૂઆત કરવામાં આવી છે. સંસ્થા કે જે જોખમી અથવા જીવલેણ વ્યવસાય કરે છે જેમાં પણ એકજ કર્મચારી કાર્યરત છે તેનો પણ સમાવેશ થઇ શકશે.

### ૮. પ્રસૂતિ લાભો અધિનિયમ, 1961

આ કાયદા હેઠળ મળતાં અધિકારો વિશે ગર્ભવતી સ્ત્રીઓ પાસેથી ભારે કામ લઇ શકાય નહીં. બાળકના જન્મ બાદ, તે બાળક 15 માસનું થાય ત્યાં સુધી સ્તનપાન અર્થે નિયમિત વિરામ ઉપરાંત પંદર – પંદર મિનિટના અન્ય બે વિરામ મળવા પાત્ર છે. પ્રસૂતિની રજાઓ દરમ્યાન તેણીની નોકરીની શરતોમાં કોઇપણ પ્રકારનો વિપરીત ફેરફાર કરી શકાશે નહીં; કે બરતરફ કરી શકાશે નહીં.[6]

### ૯. પ્રોવિડન્ટ ફંડ એક્ટ 1952

મુજબ કર્મચારીને નિવૃતિ વખતે જે રૂપીયા મળવાના છે અને પેન્શનની રકમ મળશે તે નક્કી થાય છે. 20 કે તેથી વધારે કર્મચારી કામ કરતા હોય તેવી સંસ્થા કે ઉદ્યોગને આ કાયદો લાગુ પડે છે. સંહિતાની કલમ 2(21) કર્મચારી અને માલીકના ફાળા વિશે છે.

### ૧૦. ગ્રેચ્યુઇટી બાબતના કેસીસ

(1) રાજસ્થાન હાઈકોર્ટે ઠરાવ્યું કે ગ્રેચ્યુઇટી મેળવવાનો શ્રમિક નો હક કાનૂની હક છે અને માલીક કોઇ ન્યાયી અને વાજબી કારણ વિના શ્રમિક ને આ હકથી વંચિત કરી શકે નહિ. વિલંબિત ચૂકવણી માટે નિયત દર મુજબ માલીકે વ્યાજ પણ ચૂકવવું પડશે.[7]

(2) કોર્ટે ઠરાવ્યું કે ગ્રેચ્યુઇટી ધારાની કલમ 13 ગ્રેચ્યુઇટી રકમને સંપૂર્ણ રક્ષણ આપે છે. કોઇ દીવાની, ફોજદારી કે મહેસૂલી અદાલતમાં હુકમ કે હુકમનામાના અમલ બજવણી કરી તે જપ્ત કરી શકાય નહીં. કાયદાની યોજના અને જોગવાઇઓ સ્પષ્ટ છે કે કાયદાની જોગવાઇ હોય તે સિવાય શ્રમિક ની ગ્રેજ્યુઇટીની રકમમાંથી કોઇ કપાત કરી શકાય નહીં.[8]

### ૧૧. ESI બાબતના કેસીસ

(1) સુપ્રીમ કોર્ટે માલિકે ભરવાના ફાળા અંગે તેની જવાબદારી નક્કી કરતાં જણાવ્યું કે કલમ 40 મુજબ માલિકે તેનો પોતાનો ફાળો પણ ભરવાનો હોય છે. તે એવો બચાવ લઇ શકે નહીં કે તેણે શ્રમિકોના પગારમાંથી ફાળાની રકમની કપાત કરી નથી. શ્રમિકો ના પગારમાંથી તેણે નિયત રીતે નિયમ મુજબ કપાત કરવાની રહેશે, પરંતુ તે પહેલાં તો તેણે શ્રમિકોનો ફાળો પણ ભરવાની પ્રાથમિક જવાબદારી રહેશે.[9]

---

[5]. એજન પૃ. 290

[6]. ડૉ. બી.જી. મણિયાર, 'માનવ અધિકારો અને ફરજો', પ્રકાશક : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, આવૃત્તિ : પ્રથમ, વર્ષ : 2015, પૃ. 78.

[7]. રાજસ્થાન વેલ્ફેર સોસાયટી વિ. ડાયરેક્ટર, પ્રાયમરી અને સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ, બિકાનેર (1998) Lab. IC 2433 (Raj.)

[8]. Shree Jagannath Basik V/S Orissa Khadi and Village Industries board (1995) Lab IC 923.

[9]. ESIC V/S Hotel Kalpaka International (1993) 2 SCC 9

(2) સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે કલમ 39 મુજબ માલિકની ફાળાની ચુકવણી કલમ-2(9) ની વ્યાખ્યામાં સમાવિષ્ટ તમામ શ્રમિકો નો ફાળો ભરપાઈ કરવાની માલિકની જવાબદારી છે. કોર્ટે જણાવ્યું કે – The words "employed in factories" in Section-38 do not mean the persons employed in factories but also include persons employed in connection with the work of the factory. [10]

(3) માલિક ફાળાઓની રકમની નિગમને ચુકવણી ન કરે તો કાયદાની જોગવાઈઓને આધીન રહીને નિગમ તે રકમ માલિક પાસેથી વસૂલ કરવા હકદાર છે. તે મૂળ રકમ ઉપરાંત 12 % વ્યાજ સાથે તે વસૂલ કરી શકે તેવી તેને સત્તા છે. [11]

## ૧૨. કર્મચારીને થતા ફાયદા – ગેરફાયદા

પ્રકરણ 3 માં પ્રોવિડન્ટ ફંડ વિશે જણાવાયેલ છે. આ કોડમાં ફાળાની રકમ 12% થી ઘટાડી 10% કરવાની વાત રજૂ થયેલ છે. પેન્શનની રકમમાં બદલાવ કરાયેલ નથી 8.33% + 1.67% મુજબ ગણાશે. ટાઈમમાં Employer ફાળો ન ચૂકવે તો દંડ, સજાની જોગવાઈ રહેલ છે. જેનો કેસ State Vs. S. P. Chandani, AIR 1959ના કેસમાં માન. કોર્ટે જણાવેલ કે પ્રોવિડન્ટ ફંડનો ફાળો માલિકે ફરજીયાત ભરવાની જવાબદારીમાં આવે છે. સ્વૈચ્છીક રીતે 15000/ કે તેથી વધુની આવક મેળવતા કર્મચારી પ્રોવિડન્ટ ફંડનો લાભ મેળવી શકે છે. કોન્ટ્રાક્ટ લેબરને પણ લાભ પ્રાપ્ત છે. પહેલા એક્સીડન્ટ વીમો 6 લાખ હતો તે હાલ, 7 લાખ કરેલ છે અથવા 30 મહિનાની સેલેરી જે ઓછું હોય તે ગણાશે. લઘુતમ પેન્શન રૂ. 1000/ રહેશે પરતું સર્વિસને 10 વર્ષ થયેલ હોવા જોઈશે. પાંચ સાલ પછી PFના રૂપીયા નિકાળવાથી તેના પર ટેક્ષ નથી, નહીં તો ટેક્ષ લાગશે અને 58 વર્ષ પછી નિવૃત્તિ વખતે કોઈ કર નથી. પ્રોવિડન્ટ ફંડ માટે મુખ્ય નોકરીદાતા જવાબદાર રહેશે કારણ કે કોન્ટ્રાક્ટર પોતે કર્મચારી ગણાશે.

પ્રકરણ 4 માં કર્મચારી રાજ્ય વીમા નિગમ વિશેનું છે. હઝાર્ડ્સ એક્ટીવીટી માટે 10 કર્મચારી હોય તેને જ લાગુ પડતું તે આ કોડમાં 1 કર્મચારી પણ સ્વૈચ્છીક રીતે લાભ મેળવી શકે છે. પ્રકરણ 5 ગ્રેચ્યુઈટી વિશેનું છે. તેમાં ફિક્ષ ટર્મ એપ્લોયમેન્ટને દાખલ કરાયેલ છે. ગ્રેચ્યુઈટી માટે તેણે પાંચ સાલ પૂરા કરવાની જરૂર નથી ફક્ત એક સાલ કામ કરે તો પણ ગ્રેચ્યુઈટી મળવા પાત્ર છે. પ્રો-રેટા ડેટા એટલે કે ભાગે પડતું મુજબ ગ્રેચ્યુઈટી મળશે. જર્નાલીસ્ટ અને બીજા ન્યુઝ પેપર શ્રમિકો ને 5 વર્ષની જગ્યાએ 3 વર્ષમાં ગ્રેચ્યુઈટી મળશે. કર્મચારી અરજી ન કરે તો પણ 30 દિવસમાં ગ્રેજ્યુઈટીની રકમ કર્મચારીને આપવી પડશે નહીંતર સાદા વ્યાજ સાથે આપવા પડશે. હાલ 20 લાખની મર્યાદા છે તેને કેન્દ્ર સરકારશ્રી નોટીફીકેશન દ્વારા વધારી શકશે.

પ્રકરણ 6 પ્રસૂત્તિ સુવિધા વિશેનું છે. 6 વર્ષનાં બાળક માટે કોમન ઘોડીયાઘરમાં રખાશે કે જે ઉદ્યોગ, સંસ્થાથી નજીક હોય કે જે NGO દ્વારા સંચાલીત કે પ્રાઈવેટ બોડી દ્વારા સંચાલીતમાં બાળકને રખાશે. જેનો લાભ દરેક મહિલા કર્મચારીને મળશે.

પ્રકરણ 7 Employees Compensation કર્મચારી વળતર કે જે પહેલાં વર્કમેન કમ્પેન્જેશન, શ્રમિક વળતર ધારો હતો. પહેલા વળતરની રકમ શ્રમિક ને લઘુતમ રૂ. 10 હતી તેની જગ્યાએ આ કોડમાં લઘુતમ વળતર રૂ. 5000 કરાયેલ

[10] . Hyderabad asbestos V/S E.I. Court (AIR 1978 SC 356)
[11]. ESI Corpo. V/S Bhagsingh.

છે તેનાં માટે મેડીકલ એક્ઝામીનેશન કરાવવું જરૂરી છે. જો વળતરની રકમ 30 દિવસમાં ન ચૂકવાય તો કેન્દ્ર સરકારશ્રી નક્કી કરે તે દરે વ્યાજ નોકરીદાતાએ ચૂકવવું પડશે.

પ્રકરણ 8માં સામાજિક સલામતી ફંડ, ચણતર કામોના શ્રમિકો માટે શેસ હશે તે 2% થી વધારે નહીં, પણ 1% થી ઓછી પણ નહીં. આ શેસ બાંધકામ કરવામાં ખર્ચાયેલી રકમ ઉપર લાગશે. જમીનની કિંમતનો સમાવેશ થશે નહીં. આમાં, સેલ્ફ એસેસમેન્ટની સગવગડતા રહેલી છે જેથી માલિક પોતે પોતાનો ફાળો પોતાની રીતે ગણી આપી શકે. એસેસી ઓફિસર કે ઈંસ્પેક્ટરને લાગે કે એસેસમેન્ટ ખોટું થયેલ છે તો ઈંસ્પેક્ટર રૂબરૂ મળી શકે છે અને સાઈટની તપાસ કરી શકે છે.

પ્રકરણ 9માં સોશ્યલ સીક્યુરીટી ફોર અન ઓર્ગેનાઈઝ્ડ વર્કર્સ, ગીગ વર્કર્સ અને પ્લેટફોર્મ વર્કર્સ માટે કહેવાયું છે કલમ-109માં કે કેન્દ્ર સરકારશ્રીની જવાબદારી છે કે તેઓ એવી યોગ્ય યોજના બનાવે જેમાં આવા લોકોની લાઈફ, ડિસેબિલિટી કવર હોય, હેલ્થ અને મેટરનીટી બેનીફીટ કવર હોય, ઓલ્ડ એઈજ પ્રોટેક્શન, એજ્યુકેશન અથવા એવા બીજા બેનીફીટ કે જે કેન્દ્ર સરકાર નક્કી કરે તે આમાં કવર થશે. સમયે-સમયે યોગ્ય યોજના રજૂ કરાશે, જેમાં પ્રોવિડન્ટ ફંડ, એમ્પ્લોયમેન્ટ ઈજા, હાઉસિંગ જેવી યોજના લાવવી. સરકારશ્રીની ગણતરી છે કે જે – જે લાભો સંગઠિત ક્ષેત્રનાં શ્રમિકો ને મળે છે તેવા લાભો અસંગઠિત ક્ષેત્રને મળે.

કલમ 112 મુજબ ગીગ વર્કર્સ કે અસંગઠિત ક્ષેત્રનાં શ્રમિકો પાસે કોઈ એચ.આર. તો હોતા નથી કે તેઓ Employer થી થતી મૂશ્કેલીની વાત કરી શકે તેનાં માટે Toll free call centre બનાવવા કે જેથી કર્મચારીનો કોઈ પ્રશ્ન હોય તો તે Toll free number પર વાત કરી શકે, તે એચ.આર.ની જગ્યાએ કામ કરશે. કર્મચારીને બેનિફીટ કેમ મળે કે મદદની જરૂરીયાત માટે કોલ સેન્ટર ખૂલશે.

કલમ 113 મુજબ દરેક કામદારે પોતાને રજીસ્ટર કરવો પડશે તો જ આ લાભ પ્રાપ્ત થશે. રજીસ્ટ્રેશન માટે લઘુતમ ઉંમર 16 વર્ષ અને મહતમ ઉમર 60 વર્ષથી વધવી ન જોઈએ. યુનિક નંબર અપાશે જેનાથી પ્રોવિડન્ટ ફંડનો ફાળો આપી શકાશે. સરકારશ્રીનાં ખાતામાં ઈ.એસ.આઈ.નો ફાળો જમાં કરાવી શકાશે. આવી એક મેકેનીઝમ બનાવાશે આ થવાથી દેશનો વિકાસ થશે.

## ૧૩. માલિકોને/નોકરીદાતાને થતા ફાયદા – ગેરફાયદા

મેઈન્ટેનન્સ ઑફ ડૉક્યુમેન્ટસને ઈલેક્ટ્રોનિક મોડમાં રાખી શકાશે. વેબ બેઝડ રેન્ડ- માઈઝડ ઈન્સ્પેક્શન અને કોલિંગ ઈન્ફોર્મેશન ઈલેક્ટ્રોનિકલી હવે શક્ય બનશે. રાજ્ય સરકારશ્રી અને કેન્દ્ર સરકારશ્રી બંને આ તપાસની યોજનાને કારગત બનાવશે અને ફેસલેસ તપાસ થશે. માલિકો દ્વારા ઈ.એસ.આઈ., પ્રોવિડન્ટ ફંડ જેવી યોજનાની બાકી રકમ વિવાદનાં પાંચ વર્ષ પછીની બાકી રકમ બાબતે કોઈ કાર્યવાહી નહી થાય સેક્શન 125માં નિર્દેશેલ મુજબ. પહેલાં આવી કોઈ જોગવાઈ ન હતી જે માલિકોને ફાયદા કારક છે. નિરિક્ષણ અધિકારી સીધા ઉદ્યોગ, સંસ્થામાં જઈ શકશે નહી પહેલા જાણ કરવાની રહેશે. કોઈ પણ ફાળાની રકમ ન ચૂકવી હોય તો મહતમ 20% રકમ ફાઈન ભરી સમય મેળવી શકે છે જેથી ફાળો ચૂકવવાનો મહત્તમ સમય મળશે. 300 કે તેથી વધારે કર્મચારી જે ઉદ્યોગ, સંસ્થામાં કામ કરતાં હોય તેવી

સંસ્થા, ઉદ્યોગે સરકારશ્રીની ઉદ્યોગ બંધ કરવાની અગાઉથી મંજૂરી મેળવવાની રહેશે તેથી નીચેની સંખ્યા વાળા ઉદ્યોગ, સંસ્થાએ સરકારશ્રીની મંજૂરી મેળવવાની આવશ્યકતા નથી. આમ, સમગ્ર રીતે આ કોડની તપાસ કરતાં માલિકો અને કર્મચારીને ગેર ફાયદાઓ કરતા ફાયદાઓ બાજુ ધ્યાન આપીએ તો બંનેને 90% થી 95% ફાયદાઓ રહેલ છે. એકલ દોકલ ગેરફાયદામાં કર્મચારીને હકાલપટ્ટીનો ડર સતાવે છે જ્યારે ઉદ્યોગ, સંસ્થામાં માણસોની અછત હોય ત્યારે આ ગેર ફાયદો નગણ્ય ગણાય, જ્યારે માલિકોને ફેસલેસ નિરિક્ષણની જોગવાઈથી ખલેલ નહીવત્ રહેશે જે માલિકો બાજુ ખુબ જ મોટો ફાયદો ગણી શકાય અને સરકારી બાબુઓ દ્વારા થતી કનડગત દૂર કરવાનો પ્રયત્ન આ કોડમાં કરાયેલ છે તે આવકારદાયક છે.

## ૧૪. નિષ્કર્ષ

માહિતી અને સમાચાર લેખોની તપાસ પરથી, તે જાણવા મળે છે કે; સામાજિક સલામતી કોડ, 2020માં 14 પ્રકરણ, 164 સેક્શન અને 7 પરિશિષ્ટ છે. એજન્ટની વ્યાખ્યામાં જે કોઈ મેનેજરીયલ કામ કરતા હોય, ડાયરેક્શન કરતા હોય તે માલિકને એજન્ટમાં સમાવિષ્ટ કરેલ છે. 12 મહિનાની સર્વિસને સળંગ સર્વિસ ગણાશે. કોન્ટ્રાક્ટ લેબરની જાણ ઉદ્યોગ, સંસ્થાને હોવી જોઈશે. ફિક્ષ ટર્મ એમ્પ્લોયમેન્ટનો સમાવેશ આ કોડમાં કરવામાં આવેલ છે. ગિગ વર્કર્સ કે જેઓ ઘરગથ્થું કામ કરતા હોય, જેમ કે ઘરે કપડા, વાસણ સાફ કરતાં શ્રમિકો , પંખા, ટ્યુબલાઈટ રીપેર કરવા વાળા જેવાનો સમાવેશ કરાયેલ છે. પ્લેટફોર્મ વર્કર્સ કે જેઓ કોમ્પ્યુટર પર ઇન્ટરનેટ પર જે ઓનલાઈન કામ કરતા હોય કે જેઓ ફ્રી લાન્સર તરીકે કામ કરતાં હોય તેઓનો સમાવેશ આ કોડમાં કરવામાં આવેલ છે. સ્વ-રોજગારી મેળવતાનો પણ સમાવેશ કરાયેલ છે.

હેલ્થ બેનીફીટ, મેટરનીટી બેનીફીટ, આવકની સલામતી, પેન્શન ફંડ, પ્રોવિડન્ટ ફંડ, ઈન્સ્યુરન્સ વગેરે બધા શ્રમિકો જેમ કે સંગઠિત કે અસંગઠિત માટે આ કોડમાં પ્રાવધાન રખાયેલ છે. આ કોડમાં સોશ્યલ સિક્યુરીટી ફંડની જોગવાઈ રાખવામાં આવેલ છે. આ વિચાર નવો છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા એક ફંડની સ્થાપના થશે. આ ફંડનો ઉપયોગ શ્રમિકોના કલ્યાણ માટે થવાનો છે. 740 ડિસ્ટ્રીક્ટમાં ESI ની સગવડતા ઉપલબ્ધ કરાશે. સમગ્ર ભારતમાં પ્લેટફોર્મ વર્કર્સ, ગીગ વર્કર્સ અને અસંગઠિત ક્ષેત્રનાં શ્રમિકો માટે રાષ્ટ્રીય સામાજિક સલામતી બોર્ડની રચના કરવામાં આવશે. જેમાં 5 પ્રતિનિધિ અસંગઠિત ક્ષેત્રના શ્રમિક, 5 પ્રતિનિધિ ગીગ શ્રમિકના અને પ્લેટફોર્મ શ્રમિકો અને ડાયરેક્ટર જનરલ ઓફ ઈ.એસ.આઈ. 5 પ્રતિનિધિ રાજ્ય સરકારશ્રી સૂચવે તેઓથી આ બોર્ડ રચાશે.

એમ્પ્લોયીની વ્યાખ્યાનો વિસ્તાર લંબાવાયેલ છે. કરાર શ્રમિકો નો પણ સમાવેશ કર્મચારીમાં થયેલ છે. આંતરરાજ્ય સ્થળાંતરીત શ્રમિકો, સ્વ-રોજગારી મેળવતાં શ્રમિકો, પ્લેટફોર્મ વર્કર્સ, ઓડિયો વિઝ્યુઅલ પ્રોડક્શનમાં ફિલ્મ્સ, વેબ બેઈઝ્ડ સીરીઝ ટૉક શૉ, રીયાલીટી શૉનો સમાવેશ આ કોડમાં થયેલ છે, જે એક બહોળો ફાયદો ગણી શકાય. જર્નાલીસ્ટો માટે ગ્રેચ્યુઈટી મેળવવા 5માંથી 3 વર્ષ કરાયેલ છે. પેન્ડેમીક સમય માટે પ્રોવિડન્ટ ફંડ અને ઈ.એસ.આઈ.ના ફાળામાં રાહત અપાયેલ છે. સ્ટ્રાઈક માટેનાં નિયમોનું પાલન કરવું ડિફિકલ્ટ છે. એટલે કે હવે હડતાલ પર જવું આસાન નહીં રહે. શ્રમિક, ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલમાં જઈ શકે.

## ૧૫. સૂચનો

માહિતીની તપાસ પરથી, સંશોધક પાસે નીચેના સૂચનો છે જે અસંગઠિત ક્ષેત્રનાં શ્રમિકોની સામાજિક સલામતી વધારવા માટે મદદરૂપ થઈ શકે છે;

(૧) અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને માટે સામાજિક સલામતીની હાલ જે યોજનાઓ છે તે પૂરતી નથી અને સમય અને સંજોગો મુજબ જૂની યોજનામાં ફેરબદલ કરવાની જરૂર રહેતી હોય છે તેમાં ત્વરીત સુધારાની આવશ્યક્તા હોય છે, તો જ આ ક્ષેત્રના શ્રમિકોને લાભ પહોંચશે.

(૨) સામાજિક સલામતી કોડ, 2020ની અમલવારી થાય તે માટે પ્રયત્નશીલ રહેવું, હજીસુધી આ સંહિતાનો અમલ શરૂ થયો નથી.

(૩) ESIC માં જે લાભો કોરોના કાળમાં પગારના 50% રકમ આ જીવન માટે 90 દિવસની મર્યાદામાં આપવામાં આવેલ, તેને કાયમી ધોરણે લાગુ પાડી શકાય.

(૪) સરકારી કર્મચારીઓને પગાર ઉપરાંત મોંઘવારી ભથ્થુ તથા અન્ય લાભો આપવામાં આવે છે તે જ દરથી અને તે જ રીતે અસંગઠિત શ્રમિકોને વેતનમાં લાભ મળે તેવી જોગવાઈ કરવી.

(૫) અસંગઠિત શ્રમિકોમાં બચતવૃત્તિમાં વધારો થાય, તેવી જાગૃતતા તેનામાં લાવવા માટે પ્રયત્નો કરવા.

## સંદર્ભ સૂચી

1. ડોગરા, અમરનાથ. દત્તોપંત ઠેંગડી સંક્ષિપ્ત પરિચય, અનુવાદક : ભારતીય મજદૂર સંઘ, વડોદરા.
2. મણિયાર, બી. જી. (2015). માનવ અધિકારો અને ફરજો, પ્રકાશક: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, પ્રથમ આવૃત્તિ.
3. Bakshi, P. M. (2015). The Constitution of India, Universal Law Publishing, LexisNexis, Thirteenth Edition.
4. Joshipura, K. P. (2004). 'Current Constitutional Dimensions', Rajkot, published by Dr. Kamalesh P. Joshipura.
5. Pradhan, Benudhar (19800. The Socialist Thought of Mahatma Gandhi, GDK Publications, Delhi, published – 1980, Volume-2
6. Renana, Jhabvala Subrahmanya R.K.A., editors. (2000). The Unorganised Sector Work Security and Social Protection, Stage Publications, New Delhi, Published in -2000.
7. The Unorganised Workers Social Security Act, 2008 (33 of 2008). Universal Laxis Nexis, 2020
8. Walker, Robert. (2005). Social Security and Welfare, Concepts and Comparision, Open University Press, Berkshire.
9. https://labour.gov.in
10. https://vvgnli.gov.in/en/code-social-security-2020
11. https://www.business-standard.com
12. https://judgments.ecourts.gov.in.
13. https://www.indiacode.nic.in
14. https://www.divyabhaskar.co.in
15. https://www.wikipedia.org